ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં પાણીનો વ્યય યથાવત્

**સવાર પડતાં જ મહિલાઓ દ્વારા ઘરની આસપાસ પાણીની ડોલો વડે ચોક ધોવાઈ રહયા છે : ગાડીઓ-ટુ વ્હીલર ધોવામાં પણ પાણીનો વ્યય થઈ રહયો છે : શહેરમાં કયાંક પાણીના વલખાં છે તો કયાંક પાણીનો ભરપૂર માત્રામાં વેડફાટ થઈ રહયો છે જેને અટકાવવો જરૂરી છે**




ગાંધીનગર, તા.૧

પાટનગરમાં એક તરફ ડહોળા પાણીની સમસ્યા ઉભી થઈ છે તો બીજી તરફ જયાં ચોખ્ખુ પાણી આવી રહયું છે તે જગ્યાએ શહેરીજનો દ્વારા પાણીનો વેડફાટ કરવામાં આીવ રહયો છે. શુધ્ધ પાણીથી ઘરના આંગણા, ચોક, ગાડીઓ, ટુ વ્હીલરની સાફ સફાઈ થઈ રહી છે. આ શુધ્ધ પાણી દ્વારા શહેરીજનોને પાણીની કિંમત સમજાઈ રહી નથી તેવું લાગી રહયું છે. સવાર પડતાં જ મહિલાઓ દ્વારા પાણીની ડોલોથી સરેઆમ પાણી ઢોળીને ચોક ધોવામાં આવી રહયા છે. ભરવરસાદે પણ પાણી નાંખીને ચોક સાફ કરવામાં આવી રહયા હતા. શહેરમાં આ કાર્ય મહિલાઓ માટે રોજબરોજનું કાર્ય બની ગયું છે. પાણી ઢોળવાની બાબતે ઘણી જગ્યાએ તો મોટી બબાલ પણ થઈ જાય છે તેમ છતાં શહેરમાં પાણીનો વેડફાટ અટકવાનું નામ લઈ રહયો નથી. કેટલીક જગ્યાએ તો પીવાના પાણી તો શું પાણી માટે વલખાં મારવા પડતા હોય છે અને અહીંયા મનફાવે તેમ મહિલાઓ દ્વારા પાણીનો વ્યય થઈ રહયો છે. ઘર આગળ માટી પડેલી હોય તેને સાફ કરવા માટે સાવરણો પણ ફેરવી શકાય છે. દરરોજ પાણીથી જ ચોક ધોવા અયોગ્ય છે. આખા શહેરમાં દરેક ઘરે જો આ રીતે પાણીનો વેડફાટ થતો જ રહેશે તો પાણી માટે વલખાં કરવાનો સમય હવે દુર નથી તેમ સમજવું. નાગરિકોને પાણીની કિંમત સમજાવી જોઈએ. ઘણી જગ્યાએ હજી પણ પાણીના ટેન્કરો દ્વારા પાણી ભરવામાં આવે છે અને પાટનગર વાસીઓને નળમાં પાણી મળી રહે છે જેનો ઘણો દુરઉપયોગ કરવામાં આવી રહયો છે. નવા ગાંધીનગર વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં પણ અઢળક પાણીનો વ્યય થઈ રહયો છે. જે યોગ્ય નથી. સોસાયટીઓમાં સફાઈ કામદારો દરરોજની સફાઈ કરતાં હોય છે તેમ છતાં મહિલાઓ દ્વારા પાણીનો અઢળક બગાડ કરવામાં આવી રહયો છે. પાણીની અછતનું કારણ આપણાથી થતો પાણીનો દુર્વ્યય, દુરઉપયોગ અને યોગ્ય આયોજનનો અભાવ છે. ઘણી જગ્યાએ નળ ખુલ્લા હોય છે મફતમાં મળતું પાણી અહીંયા મનફાવે તેમ વેડફાઈ રહયું છે. જાગૃત સમાજમાં આવી બેદરકારી ચલાવી લેવાય નહીં શિક્ષિત વર્ગમાં પાણીનો વ્યય થવો જોઈએ નહીં એક-એક પાણીની બુંદ પણ કિંમતી હોય છે... SAVE WATER

## શ્રી વિનાયક યુવક મંડળ સે-૫/બી ખાતે શ્રીજીની પ્રતિમાની સ્થાપના



ગાંધીનગર, તા.૧

શ્રી વિનાયક યુવક મંડળ સેક્ટર-૫બી દ્વારા શ્રી ગણેશજીની સ્થાપના વિનાયક ચોક ખાતે કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં ખોડીયાર મંદિરથી મહાકાળી મંદિર થઈ વિનાયક ચોક સુધી શોભાયાત્રા દ્વારા ભગવાન શ્રી ગણેશજીનું આગમન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વસાહતીઓએ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શોભાયાત્રાનું સ્વાગત કરેલ તેમજ ભગવાન શ્રી ગણેશના આશીર્વાદ મેળવ્યા હતા. શોભાયાત્રાના આગમન બાદ મુર્તીના દાતા કિશનભાઈ ગઢવીના પરીવાર અને મંગલ મુર્તીના દાતા ભરતજી ઠાકોરના પરીવાર દ્વારા પુજા કરી સ્થાપના કરવામાં આવેલ અને સૌ વસાહતીઓ આ કાર્યક્રમમાં જોડાઈ આરતી અને દર્શનનો લાભ લીધો હતો.

સાંજની આરતીમાં ગાધીનગર મહાનગર પાલીકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિહ ગોલ, ગુજરાતી ફિલ્મ સ્ટાર રોમા માણેક ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આરતી તથા દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે ૨૦૦ દિવડાની આરતીનુ આયોજન કરવામા આવેલ. વિનાયક જન્મોત્સવના ભાગરૂપે કેક કાપી ઉજવણી કરવામા આવેલ. જેમા ૩૧ ઓગષ્ટે જ જેનો જન્મદિવસ છે એવા યુવા કાર્યકર દક્ષરાજસિહ ગોલ અને વસાહતના નાના ભુલકા રાજયવર્ધનસિહના હસ્તે કેક કાપવામા આવી. ત્યારબાદ બાળકોએ ટેલેન્ટ સ્પર્ધામા નાટક, મિમિક્રી, ગીત અને ડાન્સ દ્વારા પોતાની કલા રજુ કરી હતી. જેને વસાહતીઓએ ખુબ જ આનંદથી માણી હતી. સેકટર-૫બીના વડીલો, મહિલાઓ અને બાળકોએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



સૌંદર્ય- ૪૪૪ સોસાયટીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે સોસાયટીના રહીશો તથા સોસાયટી કમીટી દ્વારા ગણેશજીને વાસ્તે ગાજતે સોસાયટીમાં સ્થાપન કરવામાં આવ્યું હતું.

## બીએસએફ કેમ્પસમાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી




ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટીયર સિસ્ટમ સાથે "રાષ્ટ્રીય ખેલ દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં જેમાં ભારતના "ધ વિઝાર્ડ ઓફ હોકી" તરીકે જાણીતા મહાન ખેલાડી મેજર ધ્યાનચંદને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બીએસએફ કેમ્પસના સીમા સુરક્ષા કર્મીઓના પરિવારોનાં સભ્યો-બાળકો માટે વિવિધ રમતો જેમાં ૧૦૦ ટ ૪ રીલે દોડ, ટ્રેક પરની રમતો, વોલીબોલ, બાસ્કેટ બોલ, ખો ખો જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બીએસએફના બાવા એસોસિયેશનના અધ્યક્ષ સવિતા મલિક તેમજ ગુજરાત ફ્રન્ટીયરના મહાનિરીક્ષક જી એસ મલિક સહિત ઉચ્ચ અધિકારીઓ અને સીમા સુરક્ષા કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### શારદા સ્કુલ ઓફ ફાર્મસીનુ ગૌરવ



જીટીયુ-૨૦૨૨ની બીફાર્મ સેમેસ્ટર-૬ની યુનિવર્સિટીની પરીક્ષામાં શારદા સ્કુલ ઓફ ફાર્મસી કોલેજના વિદ્યાર્થી અકબારી જનક અરવિંદભાઈએ સમગ્ર યુનીવર્સીટી માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જે બદલ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડો. નરેશ કે. પટેલ, તથા ટ્રસ્ટી ડો. યોગેશ કે. પટેલ અને સ્ટાફ મિત્રો ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.



સેક્ટર ૧૪માં ગણેશ ચતુર્થી નિમિતે વાજતે ગાજતે ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું જેમાં સોસાયટીનાં રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાપૂર્વક આરતી અને દર્શનનો લાભ લીધો હતો



સેકટર-૨/સીમાં ગણપતિ દાદાનુ વસાહતીઓ દ્વારા સ્વાગત કર્યુ હતું.



કોલવડા ખાતે કાવ્યા રેસીડેન્સીમાં ગણપતિને બિરાજમાન કરવામાં આવ્યા છે. અજયભાઈ અને તેમના પરિવારે છેલ્લા ત્રણ દિવસથી ઘાસના પૂળાની, વાંસની થીમ ઉપર કામ કરીને તેમના ઘરે ગણપતિ બાપાને બિરાજમાન કર્યા છે. દર વર્ષે અલગ અલગ થીમ પર ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે.



સાબરમતી યુનિવર્સિટીમાં ગણેશ ચતુર્થી નિમિત્તો ગણપતિને બિરાજમાન કરવામાં આવ્યા છે. યુનિવર્સીટીનાં રજીસ્ટ્રાર ડૉ.જ્યોતિ શ્રીવાસ્તવ સાથે યુનિવર્સિટીનાં ડીન ડૉ પરશુરામ ધાકડ, સીઈઓ રજની પટેલ સહિત તમામ ફેકલ્ટી તેમજ એડમીન સ્ટાફ દ્વારા ગણેશની પૂજા કરવામાં આવી હતી.

## શારદા કેમ્પસમાં ગણેશચતુર્થીની ઉજવણી



ગાંધીનગર, તા.૧

શારદા કેમ્પસ, પેથાપુર દ્વારા ગણેશચતુર્થી મહોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ફાર્મસી, ફિઝીયોથેરાપી, નર્સીંગ અને સાયન્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગણેશ ભગવાનની સ્થાપના અને આરતી ધામ-ધુમથી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્ટેજ પર વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન તથા ઈનામ વિતરણ કરવામા આવ્યુ હતુ. અંતે વિદ્યાર્થીઓએ રાસ-ગરબા રમી આનંદ માળ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર જયમીન જી.પટેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## એસ.કે રાજપુત શાળા દ્વારા સેલેરીટી બોટની ગાર્ડનની મુલાકાત



ગાંધીનગર, તા.૧

એસ.કે રાજપુત શાળા ગાંધીનગર દ્વારા સેલેરીટી બોટની ગાર્ડનની મુલાકાતનો એક શૈક્ષણિક પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ ૮ અને ૯ના બાળકો તે ગાર્ડનની મુલાકાત લીધી હતી.જેમાં ફરજ બજાવતા મનીષ ભાઈ દ્વારા લગભગ ૧૫૦ જેટલા વૃક્ષો, ઔષધીઓ, ફૂલછોડ વિવિધ પક્ષીઓ ૩૦ એક જાતના પતંગિયા વગેરેની ઓળખ કરાવવામાં આવી હતી પક્ષીઓના અવાજ એકાગ્ર મનથી સંભળાવવામાં આવ્યા હતા. બાળકો વનસ્પતિ અને પશુ પક્ષીઓ પ્રત્યે અનુકંપા રાખે અને કુદરતી જીવોનું સંરક્ષણ અને સંવર્ધન કરે એ હેતુથી પ્રવાસનું આયોજન કર્યું હતું. જેમાં શાળાના મેનેજમેન્ટ નિતીન ભાઈ, મનીષભાઈ અને સુનિલ ભાઈ માર્ગદર્શન હેઠળ પ્રવાસનું આયોજન કર્યું હતું.

વિદ્યાર્થીઓ સાથે પ્રિન્સિપાલ કિરણબેન પટેલ અને શિક્ષક અમીબેન પટેલના સહયોગમાં પ્રવાસ કર્યો હતો

## જન્મદિને વધામણી



**ધનંજય આર. જોષી**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



**મોક્ષીત નિશાંત સુતરિયા**



**વિવેક પરમાર**
મો. ૯૮૯૮૮ ૨૫૬૨૧




**ભવ્ય ભાગ્યેશ પારેખ**
મો. ૯૨૭૪૦ ૯૩૯૯૧



**ગોપાલ એસ પરમાર**
યુથ રેડક્રોસ



**જનક પુરોહિત**
યુથ રેડક્રોસ



**પટેલ પાર્થી રોશનભાઈ**



**ઠાકોર બાબુજી રમણજી**

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પરમાર લક્ષ્મણજી છગુજી ઉ.વ.૬૯, લીંબોદરા, માણસા
- સ્વ.ઠાકોર ચેલાજી ધીરાજી ઉ.વ.૬૨, પીંડારડા
- સ્વ.રાવલ ભગવતીબેન કાન્તીલાલ ઉ.વ.૭૮, સેકટર-૨૫

● રૂદ્રભૂમિ ●

- સ્વ.શાહ પુષ્પાબેન ચીનુભાઈ ઉ.વ.૬૬, સેકટર-૪